આજની પ્રાર્થના....

નાથ શ્રદ્ધાનાં પારખાં લેતો,
ને તોય શક્તિ દીધાં કરે;
ધૂળમાંથી કનક કરી દેતો,
અજબ તારી લીલા ખરે,
મારે માથે હજાર હાથવાળો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧૫ | ૫ જુલાઈ, ૨૦૨૧, સોમવાર; જયેષ્ઠ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ફિલિપાઈન્સમાં સૈન્ય વિમાન દુર્ઘટનાગ્રસ્ત : ૪૫નાં મોત

**૮૫ સૈનિકોને લઈ જતુ મિલેટ્રીનું પ્લેન લેન્ડિંગ દરમિયાન ક્રેશ થયું : ૪૦થી વધુ લોકોને બચાવાય, રાહત બચાવ કાર્ય હજુ પણ ચાલુ, એવું કહેવામાં આવી રહ્યું છે કે લેન્ડિંગ દરમિયાન એરક્રાફ્ટ ઝાડ સાથે ટકરાતા દુર્ઘટના બની : સૈન્ય પ્રમુખે કહ્યું કે, રાહત અને બચાવ ટીમના લોકો દુર્ઘટનાસ્થળ પર પહોંચી ગયા છે અને અમે પ્રાર્થના કરી રહ્યા છીએ કે વધુમાં વધુ લોકોના જીવ બચી જાય**









કોટોબેટો,તા.૧

ફિલીપાઈન્સમાં રવિવાર સવારે એક મોટું દુર્ઘટના સર્જાઈ છે. અહીં એક સૈન્ય પ્લેન ક્રેશ થઈ ગયું હોવાની જાણકારી સામે આવી છે. મળતી માહિતી મુજબ, જે સમયે દુર્ઘટના થઈ ત્યારે પ્લેનમાં ૮૫ લોકો સવાર હતા. ફિલીપાઈન્સના સૈન્ય પ્રમુખ સિરિલિટો સોબેજનાએ જાણકારી આપતાં કહ્યું કે, દુર્ઘટના દક્ષિણ ફિલીપાઈન્સમાં બની છે. મીડિયા રિપોર્ટસ મુજબ, દુર્ઘટનામાં ૪૫ લોકોનાં મોત થયા છે, જ્યારે ૪૦ લોકોને અત્યાર સુધીમાં સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. મળતી જાણકારી મુજબ, ફિલીપાઈન્સની વાયુસેનાનું સી-૧૩૦ પ્લેન જેમાં ૮૫ લોકો સવાર હતા, રવિવાર સવારે પાટીકુલ સુલૂની પાસે દુર્ઘટનાનું શિકાર થઈ ગયું. અહેવાલ છે કે પ્લેન જ્યરે સુલુ પ્રાંતમાં જિલો દ્વીપ પર લેન્ડ કરવાનું પ્રયાસ કરી રહ્યું હતું, તે સમયે પ્લેનમાં આગ લાગી ગઈ. પ્લેન જમીન પર પડ્યા બાદ આગના ગોળામાં ફેરવાઈ ગયું. પ્લેન ક્રેશ થયાની માહિતી મળતાં જ ત્યાં પહોંચેલા અધિકારીઓએ આગ પર કાબૂ મેળવવાનું કામ શરૂ કરી દીધું. અત્યાર સુધીમાં પ્લેનમાંથી ૧૫ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. એવી જાણકારી હજુ સુધી નથી મળી કે પ્લેન દુર્ઘટનાગ્રસ્ત કેમ થયું. હાલ પ્લેનની અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. સૈન્ય પ્રમુખ સિરિલિટો સોબેજનાએ કહ્યું કે, રાહત અને બચાવ ટીમના લોકો દુર્ઘટનાસ્થળ પર પહોંચી ગયા છે અને અમે પ્રાર્થના કરી રહ્યા છીએ કે વધુમાં વધુ લોકોના જીવ બચી જાય. સરકારી દળો સુલુના મુસ્લિમ બહુમતી ધરાવતા પ્રાંતમાં અબુ સય્યાક આતંકવાદીઓ વિરુદ્ધ દશકોથી લડી રહ્યા છે. સોબેજાનાએ સંવાદદાતાઓને કહ્યું કે, આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. પ્લેન રનવે પર ન ઉતરી શક્યું. પાઈલટે તેના પર ફરીથી નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે એવું ન કરી શક્યો અને પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. ફિલિપાઈન્સના આર્મી ચીફ જનરલ સિરીલિટો સોબેજાનાએ જણાવ્યું હતું કે વિમાનના કાટમાળમાંથી ૪૦ લોકોને બચાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે સુલુ પ્રાંતના જોલો આઈલેન્ડ પર ઉતરતી વખતે વિમાન ક્રેશ થયું હતું. અકસ્માત પાછળનું કારણ જાણી શકાયું નથી. ફિલિપાઈન્સ એરફોર્સના નેતૃત્વમાં ઉડ્ડયન અધિકારીઓએ અકસ્માત અંગે તપાસ શરૂ કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ સાઉથ કાગાયન ડી ઓરો શહેરના સૈનિકો સાથે જોલો આઈલેન્ડ જઈ રહ્યું હતું. સાથે જ એવું કહેવામાં આવી રહ્યું છે કે લેન્ડિંગ સમયે પાયલોટ રન-વે પર પ્લેન લેન્ડ કરી શક્યો ન હતો. જેના કારણે વિમાન રનવેની બાજુના ઝાડ સાથે અથડાયું હતું.

## મ્યુટેન્ટથી બચી ગયા તો ત્રીજી લહેરથી બચી શકીએ છીએ

**વૈજ્ઞાનિકોના અભ્યાસમાં વાત સામે આવી : ભારતને હંફાવ્યું તે જોતા ત્રીજી લહેરની સંભાવનાઓ અને તેના પર અભ્યાસ શરુ કરી દેવામાં આવ્યો હતો**

નવી દિલ્હી,તા.૪

ભારતમાં કોરોનાની બીજી લહેરે જે રીતે ભારતને હંફાવ્યું તે જોતા ત્રીજી લહેરની સંભાવનાઓ અને તેના પર અભ્યાસ શરુ કરી દેવામાં આવ્યો હતો. આ સાથે ત્રીજી લહેરમાં બાળકો પર વધુ અસર થવાની શક્યતાઓ પણ વ્યક્ત કરાઈ રહી હતી જોકે, હવે સામે આવ્યું છે કે તે અંગે ચોક્કસ રીતે કહી શકાય તેમ નથી. જોકે, હવે એક રિપોર્ટ સામે આવ્યો છે જે રાહત આપનારો સાબિત થઈ રહ્યો છે. જેમાં કોરોનાની ત્રીજી લહેર નબળી રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. બીજી તરફ બીજી લહેરમાં ઉભી થયેલી તકલીફને જોતા ત્રીજી લહેરથી બચવા માટે સરકાર દ્વારા વિવિધ પગલા ભરવાની સાથે રસીકરણ અભિયાનને પણ ઝડપી બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભારતમાં કોરોનાની ત્રીજી લહેરની સંભાવના અંગે વિવિધ ચર્ચાઓ અને એક્સપર્ટની સલાહ વચ્ચે આઈઆઈટી કાનપુરના એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, જો કોરોના વાયરસને ઝડપથી ફેલાતો મ્યુટેન્ટ ના બન્યો તો ત્રીજી લહેર બીજી લહેરની સરખામણીમાં નબળી હશે. તેનું પૂર્વાનુમાન સૂત્ર મૉડલના આધારે લગાવવામાં આવ્યું છે. સૂત્ર મૉડલ વિશ્લેષણ મુજબ જો મ્યુટેન્ટ ગાયબ રહે છે તો ત્રીજી લહેર પહેલા જેવી નહીં હોય. સૂત્ર મૉડલ પર એનાલિસિસી કરનારી આઈઆઈટી કાનપૂરની વૈજ્ઞાનિકોની ટીમના પ્રોફેસર મનિંનદર અગ્રવાલનું કહેવું છે કે, તેમણે કોરોનાની ત્રીજી લહેરને ધ્યાનમાં રાખીને ત્રણ સંભવિત સ્થિતિની ભવિષ્યવાણી કરી છે. તેમણે કહ્યું કે, ત્રીજી લહેર નાની હોઈ શકે છે, જે નબળી હોઈ શકે છે. પ્રો. મનિંદર અગ્રવાલે જણાવ્યું કે, જો ઝડપથી ફેલાતો મ્યુટેન્ટ ના રહ્યો તો આ એક નબળી લહેર સાબિત થશે. પરંતુ જો વાયરસને ઝડપથી ફેલાવતો મ્યુટેન્ટ સામે આવશે તો ત્રીજી લહેર અગાઉની લહેર જેવી જ હશે. વધુમાં પ્રોફેસર અગ્રવાલે કહ્યું કે, જે સૌથી આશાવાદી અનુમાન છે, તે પ્રમાણે ઓગસ્ટ સુધીમાં જીવન સામાન્ય બની જશે, બસ શરત એટલી જ કે કોઈ નવો મ્યુટેન્ટના આવે. બીજુ અનુમાન એ છે કે, રસીકરણ ૨૦% ઓછું પ્રભાવશાળી રહેશે. ત્રીજી સ્થિતિ, થોડી નિરાશાજનક છે, જે મુજબ ઓગસ્ટમાં એક નવો મ્યુટેન્ટ સામે આવી શકે છે.

## એરફોર્સ ઉપર હુમલા બાદ શ્રીનગરમાં ડ્રોન પર પ્રતિબંધ

**પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનો હુકમ : સરકારી વિભાગ જે ડોર્ન્સનો ઉપયોગ કરે છે, તેણે આમ કરતા પહેલા સ્થાનીક પોલીસ સ્ટેશનમાં માહિતી આપવી પડશે**

શ્રીનગર,તા.૪

જમ્મુમાં થોડા દિવસ પહેલા ડ્રોન આતંકી હુમલા બાદ શ્રીનગરમાં પણ ડ્રોન પર પ્રતિબંધ લાગી ગયો છે. કોઈપણ પ્રકારના ડ્રોન કે અન્ય અનમેન્ડ એરિયલ વીકલ્સ રાખવા પર પ્રતિબંધ હશે. તંત્રએ કહ્યું કે, જેની પાસે આવા ડિવાઈસ છે, તે નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દે. કઠુઆ અને રાજૌરી જિલ્લામાં પણ આવો પ્રતિબંધ લાગી ચુક્યો છે. જમ્મુ એરફોર્સ સ્ટેશન પર આતંકી હુમલામાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. શ્રીનગરના જિલ્લાધિકારી મોહમ્મદ એઝાજે પોતાના ઓર્ડરમાં કહ્યું કે, આ નિર્ણય એસએસપીની ભલામણો બાદ લેવામાં આવ્યો છે. જિલ્લામાં ડ્રોન કે આવા રાખવા/વેચવા/ભેગા કરવા, ઉપયોગ કરવા કે ટ્રાન્સપોર્ટ કરવા પર પ્રતિબંધ હશે. સરકારી વિભાગ જે ડોર્ન્સનો ઉપયોગ કરે છે, તેણે આમ કરતા પહેલા સ્થાનીક પોલીસ સ્ટેશનમાં માહિતી આપવી પડશે. ૨૭ જૂને જમ્મુ એરફોર્સ સ્ટેશન પર હુમલા બાદ ઘણા દિવસ સુધી સતત ડ્રોન નજર આવતા રહ્યાં. ૨ જુલાઈએ સીમા સુરક્ષા દળએ જમ્મુના અરનિયા સેક્ટરમાં પાકિસ્તાન તરફથી આવી રહેલા એક ક્વાડકોપ્ટર પર ફાયરિંગ કર્યું હતું. ડ્રોન હુમલાની તપાસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી કરી રહી છે. દેશમાં પ્રથમવાર ડ્રોન દ્વારા આતંકીઓએ કોઈ હુમલો કર્યો છે. ૨૬-૨૭ જૂનની રાત્રે વિસ્ફોટક પાડવા માટે બે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જમ્મુ વાયુસેના સ્ટેશન પર પાંચ મિનિટના અંતરમાં સતત બે વિસ્ફોટ થયા, જેમાં ટેકનીકલ ક્ષેત્રમાં ડ્યૂટી પર તૈનાત બે સુરક્ષાકર્મીઓ ઈજાગ્રસ્ત થયા હતા. બાદમાં ડ્રોન ઉડી ગયા.

## બિહારમાં ભારે વરસાદના કારણે નદીઓ ગાંડીતૂર : ૧૧ જિલ્લામાં પૂર જેવી પરિસ્થિતિ



પટના,તા.૪

બિહારના અનેક જિલ્લાઓમાં સતત વરસી રહેલા વરસાદના કારણે નદીઓનું જળસ્તર ઝડપથી વધી રહ્યું છે. રાજ્યના સીતામઢી, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, ખગડિયા, ચંપારણ સહિતના ૧૧ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ નિર્માણ પામી છે. આ તરફ દરભંગામાં પૂરના પાણીના કારણે અતિહાર ગામ ખાતે આવેલું સબ હેલ્થ સેન્ટર તણાઈ ગયું હતું.

બિહારમાં કોસી અને ગંડક નદીનું જળસ્તર ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. આ કારણે અનેક ગામોમાં પાણી ભરાઈ ગયા છે. નદીઓ ગાંડીતૂર બની હોવાથી ડરી ગયેલા લોકો પૂરની આશંકાએ ઉંચાણવાળા સ્થળોએ જઈ રહ્યા છે. બિહારના મોતિહારી ખાતે પણ પૂરનો પ્રકોપ ચાલુ છે. ગંડક, બાગમતી, કમલા અને મહાનંદા નદીનું જળસ્તર પણ ખૂબ જ તેજીથી ઉંચુ આવી રહ્યું છે. કમલા અને બાગમતી નદી જોખમના નિશાનની ઉપર વહી રહી છે. ગંડક નદીમાં જળસ્તર વધવાથી પશ્ચિમી ચંપારણ, ગોપાલગંજ અને સારણની સ્થિતિ પણ બગડી રહી છે. ખિરોઈ, બાગમતી, કમલા, લાલબકેયા અને અધવારા સમૂહની નદીઓ પણ જોખમના નિશાનની ઉપર વહી રહી છે.

## દેશમાં કેટલાક પર્યટન સ્થળો ઉપર ભારે ભીડ ઉમટી પડી

**બીજી લહેરના નબળા પડ્યા પછી દેશના અનેક રાજ્યો અનલોક થઇ રહ્યા છે અને કડક નિયમોને હળવા કરી રહ્યા છે**

નવી દિલ્હી,તા.૪


દેશમાં કોરોના મહામારીની બીજી લહેર સામે દેશના અનેક રાજ્યોમાં લોકડાઉન અને રાત્રિ કર્ફ્યુ સહિતના કડક પગલાં લેવાની ફરજ પડી હતી. આ કારણે મહિનાઓથી ઘરમાં બંધ રહેલા લોકો હવે પર્યટન સ્થળો પર ઉભરાવા લાગ્યા છે. મહિનાઓ સુધી ઘરમાં બંદ રહેવાના લીધે લોકો માનસિક રીત થાકી ગયા છે અને હવે નજીક કે દૂરના પર્યટન સ્થળોને માણવા ઉમટી પડ્યા છે. કોરોના મહામારીની ઘાતક લહેરને લીધે આશરે ૩ મહિના સુધી દેશના કેટલાક રાજ્યોમાં લોકડાઉન કરવામાં આવ્યું હતું. હવે અનલોકની પ્રક્રિયા દરમિયાન પર્યટન સ્થળો કે મનોરંજનને લગતા ક્ષેત્રોમાં છૂટછાટ આપવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં લોકો પણ કોરોના મહામારીને ભૂલીને માઈન્ડ ફ્રેશ કરવા નીકળી પડ્યા છે. જોકે કોરોના મહામારીની શરુઆતથી માંડીને હાલમાં આવેલી બીજી લહેરમાં દેશભરમાં કડક પ્રતિબંધો મૂકવામાં આવ્યા હતા. જેના લીધે અર્થતંત્રને પણ ભારે નુકસાન વેઠવુ પડ્યું છે. આ કફોડી સ્થિતિમાં પર્યટન સહિતના તમામ ક્ષેત્રો પણ આર્થિક રીતે પડી ભાંગ્યા છે. આ અંગે ઓનલાઈન ટ્રાવેલ કંપની ક્લિયરટ્રીપના એક કર્મચારીનું કહેવુ છે કે, એડવાન્સ બુકિંગ ત્યારે જ કહેવામાં આવે જ્યારે ટ્રાવેલ ડેટથી ૪ અઠવાડિયા પહેલા બુકિંગ થયેલું હોય. આ વર્ષે એડવાન્સ બુકિંગ કરનારા લોકોની સંખ્યા ૧૦ ટકા છે જ્યારે ગત વર્ષે આ ટકાવારી ૫ ટકાની હતી.

## મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં એક અઠવાડિયાનું સંપૂર્ણ લોકડાઉન લાગુ કરાયું

**જિલ્લામાં ચાર સ્તરનું પ્રતિબંધ લગાડવામાં આવ્યું છે. આ દરમ્યાન માત્ર જરૂરિયાતની વસ્તુઓ પર જ છૂટ આપવામાં આવી છે. પણ આવનાર આઠ દિવસ સુધી બીજી બધી જ પ્રક્રિયાઓ પર રોક લગાડવામાં આવ્યો છે**

સતારા,તા.૪

દેશમાં કોરોના વાયરસની બીજી લહેરની ઝડપ હવે ધીમે ધીમે ઓછી થઈ રહી છે પણ મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં કોરોના સંક્રમણના કેસો વધુ સામે આવી રહ્યા છે. મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં કોરોના વાયરસના કેસો સતત વધી રહ્યા છે. આ વધતાં કેસોને ધ્યાનમાં રાખી મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં પ્રશાસને સંપૂર્ણ લોકડાઉન લાગુ પાડ્યું છે. ગઈકાલ શનિવારથી આઠ દિવસ સુધીનું લોકડાઉન લાગુ પાડવામાં આવ્યું છે.



તંત્રના આદેશ મુજબ જિલ્લામાં ચાર સ્તરનું પ્રતિબંધ લગાડવામાં આવ્યું છે. આ દરમ્યાન માત્ર જરૂરિયાતની વસ્તુઓ પર જ છૂટ આપવામાં આવી છે. પણ આવનાર આઠ દિવસ સુધી બીજી બધી જ પ્રક્રિયાઓ પર રોક લગાડવામાં આવ્યો છે. આ નિયમ મુજબ સોમવારથી લઈ શુક્રવાર સુધી આંશિક લોકડાઉન રહેશે. જ્યારે શનિવારે અને રવિવારે સંપૂર્ણ લોકડાઉન રહેશે. આટલું જ નહીં, સતારાની સાથે સાથે જે પણ જિલ્લાઓમાં કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યાં જરૂરિયાત મુજબ સંપૂર્ણ તથા આંશિક લોકડાઉન લાગુ પાડવામાં આવી રહ્યા છે.

સાંગલી, કોલ્હાપુર, સોલાપુર, અને અહમદનગર. આ બધા જિલ્લાઓમાં લોકડાઉન લાગુ પાડવામાં આવેલ છે. આ ઉપરાંત મુંબઈ, પૂણે, થાણે, કલ્યાણ, ડોમ્બીવલી, પીંપરી, નાસિકમાં નગર પાલિકા દ્વારા સંપૂર્ણ લોકડાઉન લાગુ પાડવામાં આવ્યું છે. મહારાષ્ટ્ર દેશના એવ રાજ્યોમાંથી છે જ્યાં કોરોનાના વધુ કેસો સામે આવી રહ્યા છે. શનિવારે મહરાષ્ટ્રમાં ૯૪૮૯ નવા કેસો સામે આવ્યા છે. આ આંકડા પછી કુલ કેસોની સંખ્યા ૬૦,૮૮,૮૪૧ થઈ ગઈ છે. આ સાથે જ મહારાષ્ટ્રમાં કુલ મૃત્યુ અંક ૧,૨૨,૭૨૪ થઈ ગઈ છે.

## સંજય રાઉતે ભાજપ નેતા આશિષ શેલાર સાથે મુલાકાત કરતા રાજકારણ ગરમાયું

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રમાં વિધાનસભાના ચોમાસુ સત્ર પહેલા રાજકારણ વધુ ગરમાયું છે. સત્તાધારી શિવસેનાના સાંસદ સંજય રાઉત અને વિપક્ષ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય આશિષ શેલાર વચ્ચેની બેઠક બાદ અનેક અફવાઓએ જોર પકડ્યું છે. જો કે રાઉતે તેને માત્ર એક સામાન્ય બેઠક ગણાવી છે. પરંતુ આ બેઠકનો રાજકીય અર્થ કાઢવામાં આવી રહ્યો છે.

શિવસેનાના સાંસદ સંજય રાઉતે કહ્યું, હું આશિષને એક જાહેર કાર્યક્રમમાં મળ્યો હતો. મહારાષ્ટ્રનું રાજકારણ ભારત અને પાકિસ્તાન જેવું નથી. રાજકીય મતભેદો હોવા છતાં પરસ્પર સ્નેહ અને સૌજન્ય પ્રવર્તે છે. જેઓ મને પસંદ નથી કરતા તેઓ આવતીકાલે વિધાનસભા સત્ર પહેલા અફવાઓ ફેલાવી રહ્યા છે. આ સાથે રાઉતે એક શાયરાના અંદાજમાં ટ્વિટ કર્યું, 'હમારી અફવાહ કે ધુએં વહી સે ઉઠતે હે, જહાં હમારે નામ સે આગ લગ જાતી હે.'

આ બંને નેતાઓ શનિવારે મુંબઈના નરીમાન પોઈન્ટ પર મળ્યા હતા. રાઉત અને શેલારને મિત્ર ગણાવતાં મહારાષ્ટ્ર ભાજપ અધ્યક્ષ ચંદ્રકાંત પાટિલે તેને માત્ર એક સામાન્ય અને અનૌપચારિક બેઠક ગણાવી હતી. તેમણે એમ પણ કહ્યું કે આ બેઠકનો અર્થ એ નથી કે ભાજપ શિવસેના સાથે જોડાવાની ઓફર કરી રહ્યું છે.

શિવસેના અને ભાજપના નેતા વચ્ચેની મુલાકાત એવા સમયે આવી છે જ્યારે મહારાષ્ટ્રમાં શાસક મહા વિકાસ અઘાડી સરકાર વચ્ચે અણબનાવના સમાચાર મળી રહ્યા છે. શિવસેના, એનસીપી અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે પણ વાક યુદ્ધ ચાલી રહ્યુ છે.